# જૈન ગરબા

(રાગ: શામ ઢલે જમુના કિનારે, કિનારે)

મેરુ શિખર નવ્હરાવે નવ્હરાવે, મેરુ શિખર નવ્હરાવે (૨)
જન્મકાળ જીનવરજીકો જાણી, પંચરૂપ કરી આવે...
હો મેરુ શિખર નવ્હરાવે નવ્હરાવે, મેરુ શિખર નવ્હરાવે (૨)

રત્નપ્રમુખ અડજાતિના કલશા, ઔષધી ચૂરણ મિલાવે
ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે..
હો મેરુ શિખર નવ્હરાવે નવ્હરાવે, મેરુ શિખર નવ્હરાવે (૨)

એણી પરે જિન પ્રતીમાંકો નહવણ કરી, બોધિબીજ માનું વાવે
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પાવે...
હો મેરુ શિખર નવ્હરાવે નવ્હરાવે, મેરુ શિખર નવ્હરાવે (૨)

ઋષભ ઝૂલે મરુદેવી ઝુલા..વે ઝુલા..વે
ધીરે ધીરે મીઠાં મીઠાં ગીત સુણાવે (૨)

પારસ ઝૂલે વામા ઝુલા..વે ઝુલા..વે
ધીરે ધીરે મીઠાં મીઠાં ગીત સુણાવે (૨)

વીર ઝૂલે ત્રિશલા ઝુલા..વે ઝુલા..વે
ધીરે ધીરે મીઠાં મીઠાં ગીત સુણાવે (૨)

માતા હરખાતી, મનમાં મલકાતી (૨)
મુખડું દેખીને, મમતા છલકાતી (૨)

ખોળે લઇ વહાલ કરે, બને ઘેલી ઘેલી
હૈયું વરસાવે, હેતની હેલી
સ્નેહભર્યા (૨) નયણે નિહા..ળે, નિહા..ળે
ધીરે ધીરે મીઠાં મીઠાં ગીત સુણાવે (૨)
= = = = =

તારાં વિના નાથ મને એકલડું લાગે
દર્શન દેવાને વહેલો આવજે (૨)
તારાં વિના નાથ મને એકલડું લાગે
દર્શન દેવાને વહેલો આવજે (૨)

મારાં જન્મોજનમનાં ફેરા પ્રભુ,
એમાંથી ક્યારે છોડાવશો
મારાં જન્મોજનમનાં ફેરા પ્રભુ
એમાંથી ક્યારે છોડાવશો

તારાં વિના નાથ મને એકલડું લાગે
દર્શન દેવાને વહેલો આવજે (૨)
તારાં વિના નાથ મને એકલડું લાગે
દર્શન દેવાને વહેલો આવજે (૨)
=====

સ્નેહ નિતરતી આંખડી ને, અધરે અમૃત ધા.....ર

ભક્તિ કરતાં કરતાં થાયે

બેડો મારો પા...ર (૨)

આવવું છે મારે... દાદા દર્શન કરવાને...

પૂજા કરવાને.. દાદા તારી ભક્તિ કરવાને ...

દાદા દર્શન કરવાને...

આવવું છે મારે... દાદા દર્શન કરવાને...

પૂજા કરવાને.. દાદા તારી ભક્તિ કરવાને ...

દાદા દર્શન કરવાને...

અલબેલા તમે દેવ અનેરા

આદિશ્વર છે ના..મ (૨)

ઊંચા ઊંચા ડુંગરીયામાં

દાદા તમારાં ધા..મ (૨)

હે.... તને જોઇને હરખાઈ જાઉં હું
કરી નવ્વાણું પાવન થાઉં હું
પાલિતાણાં ને ગા..મ, શેત્રુંજય ને ધા..મ..
આવવું છે મારે... દાદા દર્શન કરવાને...
પૂજા કરવાને.. દાદા તારી ભક્તિ કરવાને ...
દાદા દર્શન કરવાને...

કલીકાળનો કલ્પતરુ તું
પારસનાથ તારું ના...મ (૨)
મહિમા તારો અપરંપાર છે
પાવનકારી તારા ધા...મ (૨)

હે.... તને જોઇને હરખાઈ જાઉં હું (૨)
શંખેશ્વરને ગા..મ, સમ્મેતશીખરને ધા..મ

આવવું છે મારે... દાદા દર્શન કરવાને...

પૂજા કરવાને.. દાદા તારી ભક્તિ કરવાને ...

દાદા દર્શન કરવાને...

ચોવીસમાં તીર્થંકર તમે

મહાવીર સ્વામી તારું ના..મ (૨)

અહિંસાનો ધર્મ બતાવ્યો

વહાલું લાગે તારું ના..મ (૨)

હે.... તને જોઇને હરખાઈ જાઉં હું (૨)

પાવાપુરીને ધા..મ, ક્ષત્રિયકુંડ ને ગા..મ

આવવું છે મારે... દાદા દર્શન કરવાને...

પૂજા કરવાને.. દાદા તારી ભક્તિ કરવાને ...

દાદા દર્શન કરવાને...

= = = = =

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દિવડો (૪)
શ્રીફળની જોડ લઈને રે (૨)
હાલો હાલો પાલિતાણાં જઈએ રે (૨)

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દિવડો (૪)
શ્રીફળની જોડ લઈને રે (૨)
હાલો હાલો શંખેશ્વર જઈએ રે (૨)

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દિવડો (૪)
શ્રીફળની જોડ લઈને રે (૨)
હાલો હાલો પાવાપુરી જઈએ રે (૨)

સામેની પોળેથી સોનીડો આવે (૨)
હારલાંની જોડ લઈને રે (૨)
હાલો હાલો પાલિતાણાં જઈએ રે (૨)
= = = = =

હે … પાલિતાણાંનો રાજિયો ને, આદેશ્વર તારું નામ
કે હોવે હોવે.. આદેશ્વર તારું નામ
કે હું તો તને ભજવાને આવીયો આજ
કે હું તો તને.... ભેટવાને આવીયો આજ

હે … રત્નપુરીનો રાજિયો ને, ધર્મનાથ તારું નામ
કે હોવે હોવે.. ધર્મનાથ તારું નામ
કે હું તો તને ભજવાને આવીયો આજ
કે હું તો તને.... ભેટવાને આવીયો આજ

હે … હસ્તિનાપુરનો રાજિયો ને, શાંતિનાથ તારું નામ
કે હોવે હોવે.. શાંતિનાથ તારું નામ
કે હું તો તને ભજવાને આવીયો આજ
કે હું તો તને.... ભેટવાને આવીયો આજ

હે … શંખેશ્વરનો રાજિયો ને, પારસનાથ તારું નામ
કે હોવે હોવે.. પારસનાથ તારું નામ
કે હું તો તને ભજવાને આવીયો આજ
કે હું તો તને.... ભેટવાને આવીયો આજ

દાદા તારું મુખડું ચમકે (૨) જાણે પુનમનો ચાંદ
કે હોવે હોવે... જાણે પુનમનો ચાંદ
કે જોતા મારા ચિત્તડે શાતા થાય
કે દાદા તને નીરખું વારંવાર ...

હે … પાવાપુરીનો રાજિયો ને, મહાવીર તારું નામ
કે હોવે હોવે.. મહાવીર તારું નામ
કે હું તો તને ભજવાને આવીયો આજ
કે હું તો તને.... ભેટવાને આવીઓ આજ

= = = = =

ઊંચા ઊંચા રે દાદા તારા ડુંગરા રે લોલ (૨)
હે ડુંગર ઉપર બોલે ઝીણા મોર,
પૂજનમાં વેહલા આવજો રે લોલ
હે ડુંગર ઉપર બોલે ઝીણા મોર,
પૂજનમાં વેહલા આવજો રે લોલ

પહેલો કાગળ રે પાલિતાણાં મોકલો રે લોલ (૨)
કે દેજો મારા (૨) આદિનાથને હાથ
પૂજનમાં વેહલા આવજો રે લોલ

કે દેજો મારા આદિનાથને હાથ
પૂજનમાં વેહલા આવજો રે લોલ

ઊંચા ઊંચા રે દાદા તારા ડુંગરા રે લોલ (૨)

બીજો કાગળ રે શંખેશ્વર મોકલો રે લોલ (૨)
હે દેજો મારા (૨) પારસનાથને હાથ
પૂજનમાં વેહલા આવજો રે લોલ

હે દેજો મારા પારસનાથને હાથ
પૂજનમાં વેહલા આવજો રે લોલ
ઊંચા ઊંચા રે દાદા તારા ડુંગરા રે લોલ (૨)

ત્રીજો કાગળ રે પાવાપુરી મોકલો રે લોલ (૨)
હે દેજો મારા (૨) વીરજીને હાથ
પૂજનમાં વેહલા આવજો રે લોલ

હે દેજો મારા વીરજીને હાથ
પૂજનમાં વેહલા આવજો રે લોલ

ઊંચા ઊંચા રે દાદા તારા ડુંગરા રે લોલ (૨)
=====

ભક્તિમાં ભીંજાણાં પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં (૪)

શાંતિનાં સાગરે દીધી છે ડૂબકી (૪)

હે... જયારે મીઠાં ભજન સંભળાણાં

પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

હો હો

ભક્તિમાં ભીંજાણાં પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં (૪)

હૈય્યાનાં હોડલા માંડ્યા હિન્ડોળવા (૪)

હે.. જયારે ભાવોનાં નીર ઊભરાણાં રે

પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

હો હો

ભક્તિમાં ભીંજાણાં પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં (૪)

= = = = =

મારા દાદાનાં દરબારે ઢોલ વાગે છે (૪)
વાગે છે ઢોલ વાગે છે (૨)
મારા દાદાનાં દરબારે ઢોલ વાગે છે (૨)

શ્રાવક શ્રાવિકાઓ આવે છે (૨)
આવે છે શું શું ભાવે છે ? (૨)
સાચા અંતરથી ભાવના ભાવે છે (૨)
મારા દાદાનાં દરબારે ઢોલ વાગે છે (૨)

સાન ડીએગોનું મંડળ આવે છે (૨)
આવે છે શું શું ગાવે છે ? (૨)
ભક્તિનાં ગીતડાં ગાવે છે (૨)
ભાવનાઓમાં રંગત લાવે છે  (૨)
એ તો પ્રભુજીની પૂજા ભણાવે છે (૨)
હે મારા દાદાનાં દરબારે ઢોલ વાગે છે (૨)
=====

એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી, મારે મંદિરીયે આવોને(૨)

આત્માનાં પુષ્પથી તમને વધાવશું (૪)

લેવો અમુલખ લહાવો રે..

એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી, મારે મંદિરીયે આવોને(૨)

મારે મંદિરીયે આવો મારાં વહાલા (૨)

આવો મારાં વહાલા હું તો કરું કાલાવાલા (૨)

હે મારાં આંગણિયા શોભાવો ને ..

એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી, મારે મંદિરીયે આવોને(૨)

નાની શી ઝુંપડી ને મન મારાં મોટા (4)

એમાં હું તમને સમાવું રે..

એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી, મારે મંદિરીયે આવોને(૨)

= = = = =

ઋષભ તારી મૂર્તિ જોઉંને ગમી જાય (૪)
મારા મનડામાં માય, મારા હૈયા હરખાય (૨)
તારા દર્શનથી પાપ ધોવાય..
ઋષભ તારી મૂર્તિ જોઉંને ગમી જાય

ઓ.. રે, ઓ... રે, માતા મરુદેવીનાં નંદ
હોવે હોવે હોવે હોવે તારો નંદ, તારો નંદ

ઓ.. રે, ઓ... રે,  માતા મરુદેવીનાં નંદ
હોવે હોવે હોવે હોવે તારો નંદ, તારો નંદ

તારી આંગી રચાય, તારા ગુણલાં ગવાય
તારી ભક્તિમાં સૌ રંગાય
ઋષભ તારી મૂર્તિ જોઉંને ગમી જાય

હે પાર્શ્વ તારી મૂર્તિ જોઉંને ગમી જાય (૪)
મારા મનડામાં માય, મારા હૈયા હરખાય (૨)
તારા દર્શનથી પાપ ધોવાય..
પાર્શ્વ તારી મૂર્તિ જોઉંને ગમી જાય

ઓ.. રે, ઓ... રે, માતા વામાનાં જાયા નંદ
હોવે હોવે હોવે હોવે તારો નંદ, તારો નંદ

ઓ.. રે, ઓ... રે,  માતા વામાનાં જાયા નંદ
હોવે હોવે હોવે હોવે તારો નંદ, તારો નંદ

તારી આંગી રચાય, તારા ગુણલાં ગવાય
તારી ભક્તિમાં સૌ રંગાય
હે પાર્શ્વ તારી મૂર્તિ જોઉંને ગમી જાય

હે વીર તારી મૂર્તિ જોઉંને ગમી જાય (૪)
મારા મનડામાં માય, મારા હૈયા હરખાય (૨)
તારા દર્શનથી પાપ ધોવાય..
વીર તારી મૂર્તિ જોઉંને ગમી જાય

ઓ.. રે, ઓ... રે,
માતા ત્રિશલાનાં જાયા નંદ
હોવે હોવે હોવે હોવે તારો નંદ, તારો નંદ

ઓ.. રે, ઓ... રે, માતા ત્રિશલાનાં જાયા નંદ
હોવે હોવે હોવે હોવે તારો નંદ, તારો નંદ

તારી આંગી રચાય, તારા ગુણલાં ગવાય
તારી ભક્તિમાં સૌ રંગાય
હે વીર તારી મૂર્તિ જોઉંને ગમી જાય

= = = = =

અમે ગ્યાતા દેરે, મન .... મળી ગયું પ્રભુ હારે દેરામાં

હૈયું હરખાયું ને મનડું મલકાયું

ભક્તિનાં રેલામાં, દેરામાં, દેરામાં

દર્શન કરાવનાર દેરું, શાંતિ અપાવનાર દેરું

કર્મો ખપાવનાર દેરું, ભાવના જગાડનાર દેરું

દર્શન કરાવનાર દેરું, શાંતિ અપાવનાર દેરું

કર્મો ખપાવનાર દેરું, ભાવના જગાડનાર દેરું

હે રુદિયાનાં નાથ મારાં અંતરનાં પ્રાણ

તારી ઝંખના ઝંખું છું હું દેરામાં..

હે રુદિયાનાં નાથ મારાં અંતરનાં પ્રાણ

તારી ઝંખના ઝંખું છું હું દેરામાં..

હૈયું હરખાયું ને મનડું મલકાયું

ભક્તિનાં રેલામાં, દેરામાં, દેરામાં

નયનોમાં અમીરસ ધારા, વરસાવે પાવન ધારા

ભક્તોનાં તારણહારા, સૌ ભક્તોમાં છો તમે પ્યારા

નયનોમાં અમીરસ ધારા, વરસાવે પાવન ધારા

ભક્તોનાં તારણહારા, સૌ ભક્તોમાં છો તમે પ્યારા

હૈડાનાં હાર, મારા આતમનાં તાર,

તારાં દર્શને આવ્યો છું દેરામાં

હૈયું હરખાયું ને મનડું મલકાયું

ભક્તિનાં રેલામાં, દેરામાં, દેરામાં

અમે ગ્યાતા દેરે, મન .... મળી ગયું પ્રભુ હારે દેરામાં

હૈયું હરખાયું ને મનડું મલકાયું

ભક્તિનાં રેલામાં, દેરામાં, દેરામાં

= = = = =

હે.. ગાન તમારા ગાતાં ગાતાં
અમે સમયનું ભાન ભૂલ્યાં (૨)
હે ખાવું ભૂલ્યાં, પીવું ભૂલ્યાં
ઊંઘ અને આરામ ભૂલ્યાં રે ભાઈ
ઊંઘ અને આરામ ભૂલ્યાં

હે.. રાગ ભૂલ્યાં ને દ્વેષ ભૂલ્યાં વળી
પાપ તણો વ્યાપાર ભૂલ્યાં (૨)
હે એવા એકાકાર બન્યા કે
સળગેલો સંસાર ભૂલ્યાં રે ભાઈ
સળગેલો સંસાર ભૂલ્યાં

હે.. નવકાર મંત્રનો મહિમા મોટો (૨)

સુણજો નર ને નાર (૨)

હે હૃદય તાકી જો રટણ કરે તો

થાયે બેડો પાર જી રે વહાલાં થાયે બેડો પાર

હે.. ધનન ધનન ધન ઘંટ બજે ને (૨)

થનન થનન થનકાર કરે

ઘમ ઘમ ઘમ ઘમ ઘૂઘરી બાજે (૨)

હૈડે ભક્તિ ભાવ ચઢે રે જી રે હૈડે ભક્તિ ભાવ ચઢે

હે.. ફરર ફરર ફર ફરકે ધજાઓ (૨)

મંદિર તારી શોભા ઘણી

ટેહુંક ટેહુંક તારા મંદિર શિખરે (૨)

મોરલિયો ટહુકાર કરે વહાલાં મોરલિયો ટહુકાર કરે

પ્રભુજી તારાં (૨) ગુણલાં ગાઉં
કે તીરથ ધામે જાઉં

પ્રભુજી તારાં ગુણલાં ગાઉં
કે તીરથ ધામે જાઉં